**મે.સુરતના બીજી મજૂર અદાલતના ન્યાયધીશ**
**શ્રી.એચ.કે.મેરીયા સાહેબની કોર્ટમાં**

**ફોજદારી કેસ નં.૬૩૫/૨૦૨૫**
**આંક–૧૧**

**ફરીયાદી– સરકારશ્રી વતી શ્રી એસ.એસ.બલ્યા,નિરીક્ષક,સુરત**

**વિરુધ્ધ**

**આરોપી– શ્રી દિલીપ દ્વિવેદી–માલિકશ્રી**
**C/o શકિત સિકયુરીટી (સંસ્થા)**
૩૨૦,રોયલ પ્લાઝા,અખંડ આનંદ કોલેજની સામે,
વેડરોડ,સુરત–૩૯૫૦૦૪

**ગુન્હો– કોન્ટ્રાકટ મજૂર (નિયમ અને નાબુદી) અધિનિયમ,૧૯૭૦ તથા ગુજરાત નિયમો–૨૧(૧),૭૬ ના ભંગ બદલ**

**– ચુકાદો –**

ઉપરોકત જણાવેલ આરોપી સામે ફરીયાદીશ્રી,સુરતનાએ ઉપર જણાવ્યા મુજબના ગુન્હા ફરીયાદ નોંધવી છે.ત્યારબાદ આરોપીને સદરહું ગુના માટે સમન્સ કાઢતા નામદાર કોર્ટ રૂબરૂ હાજર થતા તેઓને ફરીયાદની નકલ આપી.તેઓને ફરીયાદમાં જણાવેલ તહોમત મારી રૂબરૂ વાંચી સંભળાવી સમજાવતા તેઓએ તેમની સામે થયેલા ગુના અંગે સ્વૈચ્છિક કબુલાતનું લેખીત નિવેદન કરેલ છે જે આંક–૯ થી રજૂ છે અને આંક–૧૦ થી સ્વૈચ્છિક કબુલાત પુરસીસ આપી માત્ર દંડની સજા કરવા વિનંતી કરેલ છે.

આરોપીએ પ્રથમ તબકકે સ્વેચ્છાએ કબુલાત કરી હોય તેમની કબુલાત સ્વીકારી તેઓને ઉકત નિયમોના ભંગ બદલ સદરહું અધિનિયમની કલમ–૨૩ અને ૨૪ મુજબ શિક્ષાને પાત્ર ગુનામાં તકસીરવાર ઠરે છે.આરોપી સામે આક્ષેપીત ગુનાનો પ્રકાર,ગુનાની ગંભીરતા,સજાનું પ્રમાણ,આરોપીની સામાજીક આર્થિક જવાબદારી, આરોપીનો પુર્વ ઈતિહાસ ધ્યાને લઈ આરોપીને વધુ સજા ન કરતા માત્ર દંડની સજા કરવાથી ન્યાયનો હેતુ જળવાય તેમ હોય તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષના સ્ટેટ ઓફ ગુજરાત વિ.નટવર હીરાચંદજી ઠાકોર ૨૦૦૫(૧) જી.એલ.આર.પાના નં.૭૦૯ ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેતાં નીચે મુજબનો આખરી હુકમ કરુ છું.

**– આખરી હુકમ –**

આરોપીને તેઓ સામે કોન્ટ્રાકટ મજૂર (નિયમ અને નાબુદી) અધિનિયમ,૧૯૭૦ તથા ગુજરાત નિયમો–૨૧(૧),૭૬ ના ભંગ બદલ સદરહું અધિનિયમની કલમ–૨૩ તથા ૨૪ અન્વયે તકસીરવાર ઠરાવી આરોપીને દરેક નિયમના ઉલ્લંધન બદલ **રૂ.૧,૦૦૦/–(અંકે રૂપિયા એક હજાર પુરા)**નો દંડ ભરવા અને જો દંડ ન ભરે તો તેના કસુર બદલ દિન–૧૦ ની સાદી કેસની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

ઉપરોકત હુકમ મુજબ આરોપી પાસે સદર કામે **રૂ.૨,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા)** વસુલ મેળવવા .

આ હુકમ આજરોજ તા.૧૪ મી,માહે–માર્ચ,સને–૨૦૨૬ ના રોજ લોક અદાલતમાં સ્પેશ્યીલ સીટીંગ અદાલતમાં મારી સહી કરી વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

તા. ૧૪/૦૩/૨૦૨૬
સ્થળ–સુરત

**(હિતેન્દ્ર કરશનભાઈ મેરીયા)**
એડી.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
મજૂર અદાલત નં.૨,સુરત
**CODE NO.Gj01279**